Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences ISSN(o): 2581-6241
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 9.134
Volume - 9, Issue - 7, July - 2026

DOIs:10.2018/SS/202607016 --:-- Research Paper / Article / Review

ગૂજરાત વિદ્યાપીઠની દફતર સંરક્ષણ પ્રવૃત્તિ

ડૉ.ઝેનામાબીબી અમુમીયા કાદરી
સહ પ્રાધ્યાપક, ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ,અમદાવાદ.
zkadari@gmail.com

સારાંશ: ઇતિહાસ આલેખન માટે પુરાતાત્વિક અને સાહિત્યિક સાધનોની જરૂર પડે છે. આવા પ્રાથમિક અને દ્વિતીય કક્ષાના સાધનોને આધારે જ પૂર્વે બનેલી ઘટનાઓને ચકાસીને ભૂતકાળના રહસ્યો અને બનાવોને ઉજાગર કરી શકાય છે. ભૂતકાળનાં જ્ઞાનને પ્રાપ્ત કરવાના મુખ્ય સાધનોમાં એક મહત્વનું સાધન તે દફતરો છે. દફતરને અંગ્રેજીમાં રેકોર્ડ કહેવાય છે. જેનો અર્થ થાય છે સ્મૃતિ. આ અંગ્રેજી શબ્દ મૂળ લેટિન શબ્દ રેકોડોરી (*Recordari)* માંથી ઉતરી આવેલ છે. દફતરના જુદા જુદા ભૌતિક સ્વરૂપો હોય છે. જેવા કે, પુસ્તકો, હસ્તપ્રતો, નકશાઓ, આલેખો, ફોટાઓ, આકૃતિઓ અને બીજી પુરાવા પૂરી પાડતી દસ્તાવેજી સામગ્રી. પુરાવસ્તુ સિવાયની લિખિત સામગ્રી મુખ્યત્વે હસ્તપત્રો કે છપાયેલી સાચવવા માટે શિક્ષણ સંસ્થાઓમાં દફતરોની જાણવણી કરવા માટે વિશ્વવિદ્યાલય અનુદાન પંચની ભલામણ અનુસાર યુનિવર્સીટીઓમાં દફતર સંરક્ષણ એકમની સ્થાપના થઇ. ૧૯૮૩માં વિદ્યાપીઠનાં કુલનાયકશ્રી રામલાલભાઈ પરીખનાં માર્ગદર્શન હેઠળ દફતર સંરક્ષણ એકમની સ્થાપના ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયમાં થઇ. વિશ્વવિદ્યાલયોમાં શૈક્ષણિક અને વહીવટી એમ બંને પ્રકારના દફતરોની સાચવણી થતી હોય છે. આથી આ સંસ્થામાં દફતરોની વ્યવસ્થા કેવી રીતે કરવી તેની આગવી ચર્ચા આવશ્યક છે.

કી વર્ડ : દફતર, રેકોડોરી, સંરક્ષણ, ફ્યુમીગેશન,ભંડાર.

1.પ્રસ્તાવના :-

ઇતિહાસ આલેખન માટે પુરાતાત્વિક અને સાહિત્યિક સાધનોની જરૂર પડે છે. આવા પ્રાથમિક અને દ્વિતીય કક્ષાના સાધનોને આધારે જ પૂર્વે બનેલી ઘટનાઓને ચકાસીને ભૂતકાળના રહસ્યો અને બનાવોને ઉજાગર કરી શકાય છે. ભૂતકાળનાં જ્ઞાનને પ્રાપ્ત કરવાના મુખ્ય સાધનોમાં એક મહત્વનું સાધન તે દફતરો છે. ભારતમાં સલતનત કાળ, મુઘલકાળ, મરાઠાકાળ, બ્રિટિશ કાળ અને રાજાશાહીના સમયના અગત્યના દસ્તાવેજો નેશનલ આર્કાઇવ્સ ઓફ ઈન્ડિયામાં સચવાયા છે. ગુજરાત રાજયમાં જિલ્લા કક્ષાએ પણ આવી કચેરીઓમાં દફતર સંરક્ષણનું કામ થઈ રહ્યું છે. અંગ્રેજોના શાસનકાળ દરમ્યાન ભારતના ઘણાં રાજયોમાં દફતર ભંડારો સ્થપાયા હતા. આમાંનું એક મુંબઈ રાજયમાં વૈજ્ઞાનિક ઢબે દફતર ભંડાર સ્થપાયું. એમાં મુંબઈ રાજયના વિવિધ પ્રદેશોની દફતરીય સામગ્રીઓ સંગ્રહિત કરવામાં આવી. ઈ.સ. ૧૯૬૦માં બૂ. મુંબઈ રાજયનું ગુજરાત અને મહારાષ્ટ્ર એમ બે રાજયોમાં વિભાજન થયું. તે સમયે ગુજરાતનું જુનું દફતર (રેકર્ડ) અત્રે લાવવામા આવ્યું ન હતું. આથી ગુજરાતનું આ જુનું દફતર મહારાષ્ટ્રમાં – "મુંબઈનાં દફતર ભંડાર" (બોમ્બે આર્કાઈવ્ઝ) અને પૂનાના "પેશવાઈ દફતર ભંડાર"માં રહ્યું. આ ઉપરાંત ગુજરાત અને તેના કેટલાંક દેશી રાજયોનું રેકર્ડ નવી દીલ્હીના રાષ્ટ્રીય અભિલેખાગાર (નેશનલ આર્કાઈવ્ઝ) માં સંગ્રહાયેલું રહ્યું છે. આમ છતાં દફતર સંપત્તિની દ્રષ્ટિએ ગુજરાત સમૃધ્ધ હતું અને છે. આજે નૂતન ટેકનોલોજીના યુગમાં આંગળીના ટેરવે કોઈ પણ માહિતી શોધી શકાય છે. પરંતુ કોઈ પણ પ્રદેશ કે સમયનો સાતત્યપૂર્ણ ઇતિહાસ આલેખન કરતી વખતે જો આવા અભિલેખાગારોની મુલાકાત ના લઈએ તો આપણુ સંશોધન કાર્ય અધૂરું રહે.

2.ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના:

ઇ.સ. 1920માં ગાંધીજીએ પ્રથમ વખત જ દેશની બે મૂળભૂત આવશ્યકતાઓ તરફ લોકોનું ધ્યાન દોર્યું. એક તો

ભારતને અંગ્રેજોએ ની ગુલામી માથી મુક્ત કરાવવું અને બીજું તો એથી પણ વધુ મહત્વનુ હતું. દેશ નું પુનઃ નિર્માણ કરવું. આ બંને આવશ્યક્તાઓની પૂર્તિ માટે રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાઓની સ્થાપના કરવી જરૂરી હતી. આ ઉદ્દેશયોની પૂર્તિ માટે ગાંધીજીએ અસહકાર આંદોલન દરમ્યાન 18 ઓકટોબર 1920ના રોજ અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી. ઇ.સ. 1963માં ગૂજરાત વિદ્યાપીઠને યુજીસી તરફથી ડીમ્ડ યુનિવર્સીટીનો દરજ્જો પ્રાપ્ત થયો આ સાથે જ એમ.ફિલ. અને પીએચ.ડી.નાં અભ્યાસક્રમો પણ શરૂ થયા. ૧૦૫ વર્ષ દરમ્યાન શિક્ષણને નિરંતર જીવંત રાખવા આધુનિક ટેકનૉલોજીની સાથે બુનિયાદી તાલીમ પર પૂરતો ભાર મૂકવાનો પ્રયત્ન થઈ રહ્યો છે.

3.દફતરનો અર્થ, વિભાવના :

દફતરને અંગ્રેજીમાં રેકોર્ડ કહેવાય છે. જેનો અર્થ થાય છે સ્મૃતિ. આ અંગ્રેજી શબ્દ મૂળ લેટિન શબ્દ રેકોડોરી (Recordari) માંથી ઉતરી આવેલ છે. જેનો અર્થ થાય છે હૃદય (Heart). આમાં હૃદય અને યાદદાસ્તનો સંબંધ રહેલો છે. પહેલાના વખતમાં હૃદયને યાદદાસ્તની બેઠક માનવામાં આવતી હતી. જેના ઉપરથી શબ્દ (Learn by heart) અસ્તિત્વમાં આવ્યો છે.

રેકોર્ડ ની વ્યાખ્યા દરેક દેશોમાં જુદી જુદી થાય છે. ઓક્સફર્ડના અંગ્રેજી શબ્દકોશ પ્રમાણે તેની વ્યાખ્યા આ પ્રમાણે થાય છે:'દફતર એ કોઈ પણ સત્ય અથવા બનાવના સંભારણાને સાચવી રાખવા માટે લખી રાખવામાં આવે છે, જેને દફતર કહે છે.' વધુ સ્પષ્ટતા કરતા વ્યાખ્યામાં જણાવવામાં આવ્યું છે કે, દફતરના જુદા જુદા ભૌતિક સ્વરૂપો હોય છે. જેવા કે, પુસ્તકો, હસ્તપ્રતો, નકશાઓ, આલેખો, ફોટાઓ, આકૃતિઓ અને બીજી પુરાવા પૂરી પાડતી દસ્તાવેજી સામગ્રી.

દફતરને ઉત્પન્ન કરનાર કોઈ, સર્જક સંસ્થા હોવી જરૂરી છે. આ સર્જક સાથેના સંબંધ તે તેની પ્રથમ વિશિષ્ટતા છે. આ સર્જક કોઈ વ્યક્તિ, કુટુંબ, સંસ્થા અગર સરકાર હોઈ શકે છે. તે સંસ્થાની નીતિ, કાર્ય, પ્રવૃત્તિઓ, સંગઠન અને કામકાજનું પ્રતિબિંબ તેમના દફતરમાં પડે છે. બધી સંસ્થાઓમાં સરકાર એ મોટી સર્જક સંસ્થા છે. જેના જુદા જુદા ખાતાઓ જુદા જુદા દફ્તરો તૈયાર કરે છે.

4.દફતર સંરક્ષણ એકમ સ્થાપનાનો ઉદ્દેશ્ય :

પુરાવસ્તુ સિવાયની લિખિત સામગ્રી મુખ્યત્વે હસ્તપત્રો કે છપાયેલી સાચવવા માટે શિક્ષણ સંસ્થાઓમાં દફતરોની જાણવણી કરવા માટે વિશ્વવિદ્યાલય અનુદાન પંચની ભલામણ અનુસાર યુનિવર્સીટીઓમાં દફતર સંરક્ષણ એકમની સ્થાપના થઇ. જેમાં ગૂજરાત વિદ્યાપીઠની પણ પસંદગી થઇ. ૧૯૮૩માં વિદ્યાપીઠનાં કુલનાયકશ્રી રામલાલભાઈ પરીખનાં માર્ગદર્શન હેઠળ દફતર સંરક્ષણ એકમની સ્થાપના ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલયમાં થઇ સાથે આ વિભાગમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ પણ શરૂ થઇ. ૧૯૮૩માં દફતર વિદ્યાનો એક વર્ષનો અનુપારંગત ડીપ્લોમાં અભ્યાસક્રમ શરૂ કર્યો. ૧૯૮૪માં એમ.ફિલ.નો અભ્યાસ શરૂ થયો. પોસ્ટ એસ.એસ.સી. સર્ટીફીકેટ કોર્સ ૧૯૮૫ માં, પોસ્ટ બી.એ. ડીપ્લોમાં ૧૯૮૬મા ,એમ.એ. આર્કાઈવાલ સ્ટડી ૧૯૮૭માં, પીએચ.ડી. ૧૯૯૯ માં અને પોસ્ટ એચ.એસ.સી. સર્ટીફીકેટ કોર્સ ૨૦૦૫ માં શરૂ કરવામાં આવ્યા.

સ્થાપનાથી લઇ વર્તમાન સમય સુધીમાં મહત્વપૂર્ણ વ્યક્તિઓ કે જેમણે વિભાગમાં કામગીરી કરી છે જેમાં ડૉ..રામલાલ પરીખ (કુલનાયક, ગૂજરાત વિદ્યાપીઠ),ડૉ.રમણલાલ મેહતા(પુરાતત્વવિદ), ડૉ.રસેશ જમીનદાર, ડૉ. બિંદુવાસીની જોષી મુખ્ય ગણાવી શકાય. છેલ્લા કેટલાક સમયથી આ વિભાગમાં શિક્ષણનું કાર્ય બંધ થયું છે, પરંતુ સંશોધકો અને લેખકો આ વિભાગમાં સચવાયેલા સાહિત્યનો ઉપયોગ કરે છે.

5.સાહિત્યિક સામગ્રીનું સંરક્ષણ:

આ દફતર વિભાગ સંસ્થા દ્વારા સ્થાપિત હોઈ તેમાં ગૂજરાત વિદ્યાપીઠના દસ્તાવેજો, સ્વાતંત્ર્ય સેનાનીઓની વિગતો દર્શાવતા દસ્તાવેજો મુખ્ય છે. આ વિભાગ દાનમાં આપવામાં આવેલા રેકોર્ડસ અને પત્રોનું જતન કરે છે. અહી ગૂજરાત વિદ્યાપીઠના પૂર્વ કુલપતિશ્રી મોરારજીભાઇ દેસાઇની તમામ ફાઇલો અને રેકર્ડ સાચવવામાં આવ્યા છે. આ ઉપરાંત ગુજરાત

પ્રાંતિક સમિતિને લગતા તમામ દસ્તાવેજો સાચવી રાખવામાં આવ્યા છે. ગૂજરાત વિદ્યાપીઠના દસ્તાવેજોમાં મુખ્યત્વે મંડળનાં અહેવાલો, વાર્ષિક અહેવાલો, પદવીદાન સમારંભ સમયે થયેલ ભાષણો, વિવિધ વિભાગોમાં થયેલ કાર્યક્રમોની આમંત્રણ પત્રિકાઓ, કાર્યક્રમોની તસ્વીરો, વિવિધ ભવનોનાં ખાતમુહુર્ત અને ઉદ્ઘાટન સમયે પધારેલ મહેમાનોની તસ્વીરો, વિદેશથી પધારેલા મહેમાનો ની મુલાકાત સમયના કાર્યક્રમોની તસવીરો, વિવિધ મહત્વના પ્રસંગોએ સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ ટપાલ ટીકીટો, પુસ્તકો, સામયિકો, ઓડિયો કેસેટ્સ, વિડીયો કેસેટ્સ, પેઈન્ટીંગ, વિદ્યાપીઠ પ્રકાશન મંડળ દ્વારા પ્રકાશિત તમામ પુસ્તકો વગેરે સાચવવામાં આવ્યા છે.

૬.સ્થાન :

સખત ગરમી કે ઠંડી અંદરના ઉષ્ણતામાનને અસર ના કરે એવી જગ્યાએ મહાદેવ દેસાઈ સમાજસેવા સંકુલના ભોયરામાં આ વિભાગ ચલાવવામાં આવે છે. જે દફતર સાચવણી માટે ખુબ જ અનુકૂળ છે. અહી ઉત્તમ ગુણવત્તા વાળા લાકડા અને સ્ટીલનાં ઘોડા અને કબાટોમાં સાહિત્ય સચવાયું છે. જેથી તેને ધૂળ કે જીવાતો થી ખરાબ થતું બચાવી શકાય. સમયે સમયે ત્યાં ફ્યુમિગેશન પણ કરવામાં આવે છે. હાલ થોડા વર્ષોથી ડોક્યુમેન્ટ અને ફોટોગ્રાફ્સને ડીજીટલ કરવાની કામગીરી પણ ચાલુ છે.

ગુજરાત રાજ્યના આર્કાઇવ્સ વિભાગ દ્વારા 1983થી તેના અધિકારીઓને એક વર્ષની તાલીમ માટે ઇન-સર્વિસ માટે મોકલવામાં આવે છે અને લગભગ 70 અધિકારીઓને તાલીમ આપવામાં આવી છે. પરંતુ હાલ નેશનલ આર્કાઈવ્ઝ દિલ્હી ખાતે આ તાલીમ અપાય છે. આ કેન્દ્રની અગત્યતા સમજીને વિદ્યાપીઠનાં વર્તમાન કુલપતિશ્રી ડૉ. હર્ષદભાઈ પટેલનાં માર્ગદર્શનથી દફતર સંરક્ષણ એકમનાં ડોક્યુમેન્ટને રિસ્ટોર કરીને ડીજીટલ પ્લેટફોર્મ પર મૂકી સંશોધકોને વધારે ઉપયોગી થઇ શકાય એવા પ્રયત્નો હાથ ધરાયા છે.

સરકારી સંસ્થાઓ પછી દફતરોનું સંખ્યાની દૃષ્ટિએ સર્જન કરનાર સંસ્થા છે વિશ્વવિદ્યાલય. વિશ્વવિદ્યાલયોમાં શૈક્ષણિક અને વહીવટી એમ બંને પ્રકારના દફતરોની સાચવણી થતી હોય છે. આથી આ સંસ્થામાં દફતરોની વ્યવસ્થા કેવી રીતે કરવી તેની આગવી ચર્ચા આવશ્યક છે. નાણાકીય અછત, ટાંચા સાધનો અને દફતર વિશેષજ્ઞનાં અભાવને કારણે પણ દફતર સંચાલન માં મુશ્કેલી પ્રવર્તે છે. જેના લીધે દફતર સાચવણી પ્રત્યે ઉદાસીનતા જોવા મળે છે. આ લેખનો હેતુ સંશોધકો પોતાના શોધકાર્ય માં દફતરોની અગત્યતા સમજીને સરકારી દફતર ભંડારની મુલાકાત લે ત્યારે ખાનગી કે વિશ્વવિદ્યાલયોનાં દફતરોનો પણ કાળજીપૂર્વક ઉપયોગ કરતા શીખે અને ક્યારેક કોઈ અગત્યની સામગ્રી વ્યક્તિગત માલિકીની હોય તો એનું પણ સંરક્ષણ કરવું જોઈએ અથવા આવા દફતર ભંડારોમાં એવી અમુલ્ય સામગ્રી સાચવવા આપવી જોઈએ. જેથી ઇતિહાસની કેટલીક મહત્વની ખૂટતી કડીઓ જોડી શકાય. આમ દફતરોનું સરક્ષણ કરવું એ કેવળ વહીવટી દૃષ્ટિએ કે કાનૂની દૃષ્ટિએ જ નહિ પરંતુ રાષ્ટ્રની સાંસ્કૃતિક પરંપરાની સુરક્ષાની દૃષ્ટિએ પણ જરૂરી છે.

સંદર્ભ સૂચી:

૧. જમીનદાર રસેશ. (૧૯૯૨). દફતર વિદ્યાની વિભાવના, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.
૨. દેસાઈ પંકજભાઈ ઠાકોરભાઈ. (૧૯૯૨).દફતર સંચાલનના તત્વો', ગૂજરાત વિદ્યાપીઠ ,અમદાવાદ.
૩. પંડયા,ચંદ્રકાન્ત. (૧૯૮૩). ભારતમાં દફતરવિદ્યાની પ્રવૃત્તિ અને ગુજરાત.
૪. પંડયા.ચંદ્રકાન્ત (૧૯૮૯).દફતર સંચાલન - (Record Management).
૫. સિસોદિયા, ડી.એમ. (૧૯૯૮). આઝાદીની સુવર્ણ જયંતિ વિશેષાંક,ગાંધીનગર.
૬. જોષી બિંદુવાસિની રજનીકાંત.(૧૯૮૯). કાગળનાં દફતરોની સાચવણી, ગૂજરાત વિદ્યાપીઠ,અમદાવાદ.
૭. દેસાઈ પંકજભાઈ ઠાકોરભાઈ.(૨૦૦૪).દફતર વહીવટ, સંચાલન અને દફતરભંડારની સહાયક સંસ્થાઓ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.
૮. ઇ.સ.૨૦૨૧ થી દફતર સરક્ષણ એકમમાં અધ્યક્ષ તરીકે પ્રત્યક્ષ કામગીરી.